# || Indian New Year 2059 ||

વિક્રમ સંવત ૨૦૫૯ની પ્રભાતે...

પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ કાકાજીના સાક્ષાત્કાર સુવર્ણ જયંતી મહોત્સવની જય હો...

ગુણાતીત સમાજ સ્થપાયો તેનો પણ સુવર્ણ જયંતી મહોત્સવ આ વર્ષે...

પ.પૂ. યોગીબાપાએ અને ગુરુહરિ દાદુકાકાએ અનેક યજ્ઞો કરેલા અને ચરણરજથી પાવન થયેલ પવઈ, મુંબઈ અક્ષરધામની ભૂમિમાં ગુણાતીત પરંપરાના સર્વે આરાધ્ય સ્વરૂપો અને તેમના મળેલા માહાત્મ્ય સ્વરૂપોની મૂર્તિઓ બેસશે. ત્યારે **'બ્રહ્મપરાગ'** પાના નંબર ૮૧માં લખેલ પ.પૂ. કાકાજીના સૂત્રાત્મક સંદેશને સઘળો ગુણાતીત સમાજ યાદ કરે.

**''આપણે એક એવો બ્રહ્મસમાજ સ્થાપવા માગીએ છીએ કે દેહ છતાં જ સર્વ પ્રકારનું અક્ષરધામનું સુખ લેતો હોય. જ્યાં ભેદભાવ નહિ, રાગદ્વેષ નહિ, મોટા-નાનાના ભેદ નહિ અને આંતરિક એકતા ને દિવ્ય એકતાથી જીવન જીવનારો સમુદાય. તે પ.પૂ. બાપાની યોજના હતી. તેમના સંકલ્પે તે પૂર્ણ કરવાની રહી.''**
૧૫ જુલાઈ ૧૯૭૭ (યુરોપ, ફ્રાન્સ ને જર્મની) બ્રહ્મપ્રવાહ પાના નંબર ૧૫૨.

ગુરુહરિ કાકાજી કહેતા કે એકતા એજ એકાંતિકપણું. એકતા = સાથી મુક્તોની ભૂલ એ મારી ભૂલ છે એમ માની મુક્તને રાજી કરી સ્વરૂપની પ્રસન્નતા મેળવવી એ એકતા. ધર્મનું સનાતન મૂળ એકતામાં છે, સમતા-સાધુતા તેનો પાયો છે અને સુહૃદભાવ તેની મૂળ શક્તિ છે.

ગુરુહરિના આ સૂત્રોમાં કાકાજીનો અને સર્વ પ્રગટ સ્વરૂપોના અભિપ્રાયનું દર્શન થાય છે. યોગીબાપા અને ગુરુહરિ કાકાજીની આ દિવ્ય યોજનાને સાકાર કરવા આપણે તેઓના સ્થાપેલા આદેશોને વળગી રહીએ. બીજા વર્તે છે કે નહિ તેવું જોયા કે વિચાર્યા વગર આપણે એવી મહિમાની દિવ્ય દૃષ્ટિ ને સુહૃદભાવને આપણું જીવન બનાવીએ. આપણી એકતા એજ આપણો આધ્યાત્મિક વિકાસ છે. તો આપણે એવી દિવ્ય એકતા - અદ્વૈત - સિદ્ધ કરી બાપા-કાકાની યોજના પૂર્ણ કરવા કટિબદ્ધ થઈએ. એ માટે એવી જ વાણી ઉચ્ચારીએ. એવું જ ભેદદૃષ્ટિ વગરનું વર્તન સામા મુક્ત સાથે કરીએ - '**वासुदेव: सर्वम् इति ।**' અને એવો દિવ્યભાવ - સંપ, સુહૃદભાવ અને એકતા, નિર્દોષબુદ્ધિની, ગુણાતીત આચાર સંહિતાની અભિવ્યક્તિ આપણા જીવનમાં કરી શકવા એમની પાસે બળ માગીએ, ભૂલકું બનીને જીવી લઈએ.

તો, વ્યવહારના દેશકાળ નડશે નહિ અને ભગવાન આગળ આગળથી આપણા કામ ઉકેલશે.

આપણે સહુ એક SPIRITUAL NUCLEUS બની દિલથી બીજાને મોટપ આપી, કાકાજીની પરછાઈ બનીએ. તો સર્વ ગુણાતીત સ્વરૂપો રાજી થશે. આજે એવો દૃઢ સંકલ્પ કરીએ...

**માગો તે મળે** અને **શોધો તે જડે** તેવો શેરડીના સાઠાના વચલા ભાગ જેવો મીઠો અવસર આવ્યો છે ત્યારે રખે ના ચૂકી જઈએ. ધન્યવાદ, ધન્યવાદ સહુને...

દિનકર, મહેન્દ્રબાપુ, ભરતભાઈ, વશીભાઈ, રાજુભાઈ અને સહુના હેતપૂર્વક જય સ્વામિનારાયણ
જય સ્વામિનારાયણ, સહજાનંદસ્વામી મહારાજની જય.

A Happy New Year!

## **માહાત્મ્ય દર્શન - પૂ. અરૂણભાઈ** (તારદેવ)

પૂરું નામ : અરૂણભાઈ કાંતિલાલ શાહ
જન્મતારીખ : ૧૨ ઓક્ટોબર, ૧૯૫૪
પિતા : પ.ભ. કાંતિલાલ તારાચંદ શાહ (અ.નિ.)
માતા : પ.ભ. સવિતાબેન કાંતિલાલ શાહ (અ.નિ.)
મોટા ભાઈ : પૂ. મહેન્દ્રબાપુ
પ.ભ. ભૂપેન્દ્રભાઈ (કાંદિવલી, મુંબઈ)
મોટા બહેન : પૂ. ભારતીબેન (વ્રતધારી સાધિકા - ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર)
પૂ. યોગિનીબેન (વ્રતધારી સાધિકા - પવઈ મંદિર, મુંબઈ)

માનવ શરીરમાં કરોડરજ્જૂની મહત્તા કેટલી ? દેખંતી રીતે તો ખાસ નહિ, પણ વાસ્તવમાં એ અતિ મહત્વનું જ નહિ પણ અનિવાર્ય અંગ છે. કરોડના મણકા એજ આપણા સમગ્ર ધડનો આધાર છે. તેનાથી જ આપણે ટટ્ટાર બેસી શકીએ છીએ, ઊભા રહી શકીએ છીએ, હરીફરી શકીએ છીએ. અરે, એકાદ મણકો જરાક જ આઘો પાછો થાય કે દબાય તો આપણી શી હાલત થાય છે એ તો આપણામાંથી ઘણાને ખ્યાલ હશે જ ! એટલું જ નહિ પરંતુ એ કરોડના મણકામાંથી જ આપણા મગજ સુધી ખૂબ જ અગત્યના એવા કેટલાય જ્ઞાનતંતુઓનું દોરડું પસાર થાય છે. શરીરનાં કેટલાય સ્વાભાવિક કાર્યો કરોડરજ્જૂના આ જ્ઞાનતંતુઓ મગજના સંદેશા વગર આપમેળે કરી લે છે. એટલું જ નહિ પણ આપણું શિર પણ જેને લઈને સલામત છે, તેના સ્થાને સ્થિર છે ને સર્વ કાર્યો કરી શકે છે એનો આધાર છે કરોડરજ્જૂ ! તારદેવ મંદિરની એવી કરોડરજ્જૂ સમા મુક્તરાજ એટલે સહુના વ્હાલા **પૂ. અરૂણભાઈ.**

સત્સંગના સંસ્કાર તો જન્મથી જ અને વડીલ બંધુ પૂ. મહેન્દ્રબાપુએ એમને અભ્યાસ પૂરો થયા પછી તારદેવ પ.પૂ. કાકાશ્રીની સેવામાં મૂક્યા. ત્યારથી જાણે હીરાને પહેલ પડવા શરૂ થયા. કાકાશ્રીએ એમના અંતરની વફાદારી અને સાધુતાને પિછાણી લીધી અને ‘ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે, આપણે એ ભણો’ એમ કહી લૌકિક અભ્યાસ પૂરો કરાવીદીધો. અને એ પછી અરૂણભાઈ તારદેવ જ રહેવા લાગ્યા. સહમિત્રો પૂ. ભરતભાઈ અને પૂ. વશીભાઈની સાથોસાથ જ કાકાજીના સાન્નિધ્યમાં ને પૂ. કાંતિકાકાની તથા વડીલ ભાઈઓની છત્રછાયામાં વ્રતધારી સાધકને પંથે પ્રયાણ કર્યું અને ત્યારથીઅવિરત સેવા, ભજન અને ભીડાભક્તિની જે આહ્લેક તેમણે જગાવી છે તે આજ પર્યંત એટલી જ પ્રદીપ્ત અને ચેતનવંતી રહી છે.

પૂ. અરૂણભાઈ પહેલા કેટલાય મુક્તો કાકાજીની સેવામાં આવ્યા હતા પરંતુ અરૂણભાઈ આવ્યા પછી જાણે કાકાજીને પણ હાશ વળી હોય એમ કાકાજીનો પણ એમના પર અંતરનો રાજીપો ને ભરોસો વરસી રહેતો. કાકાજીની અંગત સેવા માટે જ પૂ. બાપુએ રોક્યા હોવા છતાં ધીમે ધીમે સમગ્ર તારદેવ મંદિરની નાની મોટી તમામ સેવામાં એટલી તો શ્રદ્ધા, મહિમા અને અવિરત શ્રમથી તેઓ મંડી પડ્યા કે થોડા જ સમયમાં કાકાજીનો તો ખરો જ પણ સાથોસાથ કાકાજીના વડીલ સાથીદારો પૂ. કાંતિકાકા, પૂ. પોપટભાઈ, પૂ. ગોરધનકાકા તથા સર્વે વડીલ સાધક ભાઈઓનો અંતરનો ભરોસો પ્રાપ્ત કરી લીધો.

કાકાજીની અંગત સેવાની સાથોસાથ જ તારદેવ મંદિરના રસોડા માટે અનાજ, દૂધ, શાકભાજી, મંદિરની સાફસૂફી, ખરીદી, વળી મંદિરે આવતા સંતો, હરિભક્તોની સેવા સરભરા, કાકાજી અવારનવાર જે શિબિરોનું આયોજન કરે તેમાં ઉતારાથી માંડી સૌ શિબિરાર્થીઓના નાશ્તા, ભોજન વિ.ની તમામ વ્યવસ્થામાં કેન્દ્ર સ્થાને અરૂણભાઈ જ હોય. વળી તારદેવ કે પવઈ જે સમૈયા થાય તેમાં પણ જાણે પોતાની જ જવાબદારી છે એમ માની શરૂઆતમાં પૂ. રમેશભાઈની સાથે ને તેમના અક્ષરધામ ગમન પછી ૧૯૯૦થી તો પોતે જ સ્વતંત્રપણે બધી જ વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી સ્વીકારી અન્ય સાથીદારોને અપ્રતીમ પીઠબળ પૂરું પાડી રહ્યા છે.

પવઈ કેન્દ્રનો વિકાસ થયો તેમાં પણ શરૂઆતથી વારંવાર શ્રમશિબિરો ગોઠવીને, ઘણી વખત તો ફક્ત ૨-૩ સેવકો સાથે જ બધી જ જવાબદારી કોઈ પણ પ્રકારના થાક, કંટાળો કે ફરિયાદ વિના હસતા હૈયે, માહાત્મ્યસભરતાથી, પોતા તરફ કેવળ સાધુની જ દષ્ટિથી અને અનેરી આધ્યાત્મિક શિસ્તથી તેઓ નિભાવી રહ્યા છે. વળી હમણાં તો પવઈ કેન્દ્રના નિર્માણ કાર્યમાં પણ પોતાનો વિષય ન હોય તેવા ક્ષેત્રોમાં પણ રસ લઈ ઉત્સાહથી સેવા કરી પ.ભ. ઘનશ્યામભાઈ અમીનને અનેરો સહકાર આપી રહ્યા છે.

પૂ. અરૂણભાઈની સૌથી આગવી વિશિષ્ટતા એ કે કંઈ પણ ત્યાગવાનું હોય, તકલીફ સહન કરવાની હોય, ભીડો ખમવાનો હોય, પરિશ્રમ કરવાનો હોય, સેવા કરવાની હોય તો તેમનો નંબર સૌથી પ્રથમ હોય. ને કંઈ પણ સ્વીકારવાનું હોય, પદાર્થ, પ્રસિદ્ધિ કે પ્રશસ્તિ - તો તેમાં મોટે ભાગે તો તેઓ હોય જ નહિ. ને કદાચ હોય તો પણ સૌથી છેલ્લે. સૌથી વધુ સેવા કરે, પરિશ્રમ કરે ને સુવિધા સૌથી ઓછી ગ્રહણ કરે. ઈચ્છા પણ ન રાખે

તો માંગે તો ક્યાંથી ? ને ફરિયાદ તો કરે જ કેમ ? લગભગ રોજ તારદેવથી પવઈ ને પવઈથી તારદેવ ૬૦ કિ.મી.નું અંતર કાપે પણ ટ્રેનમાં જ મુસાફરી કરે, ગાડી માગે જ નહિ. ગાદી પર બેસે જ નહિ, ધ્યાન રાખવા માટે સેવકો કે સેવામાં પણ મદદ કરનાર કોઈ પણ ન હોય તો પણ કેવળ પ્રભુને રાજી કરવા ને સાથીદારો અને અક્ષરમુક્તોની સગવડ સાચવવા એક અનોખા એકલવીરની જેમ તેઓ છેલ્લા ૩૨ વર્ષથી પોતાનાં તન, મન, ઈન્દ્રિયો, અંતઃકરણને લગભગ નિર્દય કહી શકાય એ રીતે ગુલામની જેમ વાપરી રહ્યા છે, સેવામાં અખંડ જોતરી રહ્યા છે.

આટલી બધી પ્રવૃત્તિ હોય, જવાબદારી હોય તેમ છતાં અંતરથી સાવ નિર્લેપ રહી પોતે ભજન, સ્વાધ્યાયનો પણ અપ્રતીમ ખટકો રાખે છે. વળી ખૂબ જ વિચક્ષણ બુદ્ધિમત્તા હોવા છતાં, સેવા-ભજનમાં વિશિષ્ટ હોવા છતાં જાહેરમાં કે અંગત રીતે પણ પોતાના એ વિશિષ્ટ દરજ્જાને તેમણે હંમેશાં છૂપો જ રાખ્યો છે ને સાથીદારોને જ હંમેશાં આગળ કરે છે એ એમની સાથીદારો પ્રત્યેની મહિમાની દૃષ્ટિ અને કાકાજી પ્રત્યેની અનોખી ગુરુભક્તિનું અદ્‌ભુત દર્શન કરાવે છે.

સુપ્રસિદ્ધ ભજન ‘કરગરીને કહુ છું યોગીજી’ની કડી...

ગ્રાહ્યવૃત્તિ રાખી જીવાયે બાહ્યદૃષ્ટિના બારા બંધ
સાધુની દૃષ્ટિ પોતાને માટે બીજે મહારાજનો સંબંધ

એ પૂ. અરૂણભાઈના જીવનમાં હરપળે તાદૃશ દેખાય છે.

તારદેવ કે પવઈ મંદિરે આવતા અનેક પ્રકારના નાના-મોટા તમામ મુક્તોને આવડત પ્રમાણે સેવા સોંપવી, એટલું જ નહિ પણ નાનામાં નાના મુક્તની જરૂરિયાત પણ સંતોષવી અને સર્વને પોતાની રમૂજભરી ટકોરથી હસતા મુખે હલકાફૂલ રાખવામાં તેઓ ખૂબ જ માહેર છે. અને એટલે સર્વે મુક્તો અરૂણભાઈના સૂચનને સહર્ષ વધાવી લે છે. આધ્યાત્મિકતાની સાથોસાથ જ કાર્યદક્ષતા, વ્યાવહારિકતા વિ. સહજ જ તેમનામાં પ્રતિબિંબિત થાય છે ને એમ એક અનોખા કોઠારીની ગરજ તેઓ સારે છે.

સેવા, સાધુતા, શ્રદ્ધા, માહાત્મ્ય, દાસત્વ, ભક્તિ અને વફાદારીના એવા અજોડ આદર્શ **પૂ. અરૂણભાઈને શરદ પૂર્ણિમાના શુભદિને એમના ૪૯મા જન્મદિને** શતશત વંદન કરીએ અને એમનો ગુણ વારસો આપણા દર્શનમાં જ નહિ પણ એમની જેમ આપણા વર્તનમાં પણ યત્કિંચિત્ આવે એવી અભીપ્સા સર્વે સાક્ષાત્ સ્વરૂપોને ચરણે ધરીએ.